# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/09/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **"ગુજરાત રમતગમતનું ગ્લોબલ હબ બનવા સજ્જ છે તેમ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ ખાતે આયોજિત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવતાં કહ્યું.**
2. **રાજ્યભરમાં કૃષ્ણજન્મોત્સવની શ્રધ્ધાપૂર્વક ઉજવણી.. મુખ્યમંત્રીએ ડભોડાના રણછોડરાય મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી કરી.**
3. **રાજ્યભરમાં જન્માષ્ટમીના મેળાઓ મહાલવા જનમેદની ઉમટી.**
4. **આગામી સાત દિવસ સુધી, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.**
5. **એશિયાકપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે ખરાખરીનો મુકાબલો.**
6. **ગુજરાત સુપર લીગમાં કર્ણાવતી જાયન્ટ્સ અને સુરત સ્ટાઇકસ્નો વિજય.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# WORLD PARA ARCHARY – 1

ગુજરાત રમતગમતનું ગ્લોબલ હબ બનવા સજ્જ છે તેમ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ ખાતે આયોજિત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026નો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવતાં કહ્યું હતું. સ્પોર્ટ્સ એન્જિનિયરિંગ અને સ્પોર્ટ્સ ઇન્જરીના મેડિકલ સાયન્સ ક્ષેત્રે વિશ્વભરના ખેલાડીઓ માટે ગુજરાત મહત્ત્વનું કેન્દ્ર બનીને ઊભરશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી શરૂ થનારી વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં વિશ્વના પેરા તિરંદાજો ભાગ લઇ રહ્યાં છે.

## (BYTE: AMIT SHAH)

***(अहमदाबाद, गुजरात और भारत आने वाले दिनों में खेल जगत के चाहे वो ओलंपिक्स से जुड़े हुए खेल हो, चाहे पैरालंपिक से जुड़े हुए खेल हो, चाहे अन्य स्पर्धाओं सभी प्रकार के खेल का ये बहुत बड़ा सेंटर बनने वाला है। सभी प्रकार की स्पोर्ट्स की फैसिलिटी का ये हब बनने जा रहा है।)***

આ પ્રસંગે  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે  ‘ખેલે તે ખીલે’ મંત્રથી ભારતના સ્પોર્ટ્સ સેક્ટરમાં 360 ડિગ્રી ટ્રાન્સફોર્મેશન આવ્યું છે તેમણે કહ્યું હતું કે ગુજરાત સરકાર પણ રમતગમત ક્ષેત્રને પ્રોત્સાહન આપી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગરમાં 316 કરોડ રૂપિયાના ખર્ચે એશિયાનું અત્યાધુનિક ‘પેરા-હાઈ પરફોર્મન્સ સેન્ટર’ તૈયાર થઈ રહ્યું છે.

## (BYTE - BHUPENDRA PATEL, CHIEF MINISTER)

*(હમણાં જ ગ્લાસગોમાં રમાયેલી કોમનવેલ્થ ગેમમાં દેશના ખેલાડીઓએ 39 મેડલ જીત્યા. તેમાં પણ સાત મેડલ્સ દિવ્યાંગ ખેલાડીઓના છે. ગાંધીનગરમાં 316 કરોડના ખર્ચે અતિ આધુનિક પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરનું કાર્ય પ્રગતિમાં છે. રાજ્ય સરકાર પહેલાં ઓલિમ્પિકમાં ભાગ લેનાર દરેક દિવ્યાંગ ખેલાડીઓને રૂપિયા 10 લાખની સહાય આપે છે અને મેડલ વિજેતા ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કારથી સન્માનિત કરે છે.)*

# WORLD PARA ARCHARY – 2

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ આર્ચરી એસોસિએશન ઑફ ઇન્ડિયાના અધ્યક્ષ અર્જુન મુંડાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વર્લ્ડ પેરા આર્ચરી ચેમ્પિયન શીતલ દેવીને 'પેરા આર્ચર ઑફ ધ યર'નો એવોર્ડ એનાયત કરાયો હતો. આજથી  9 સપ્ટેમ્બર સુધી યોજાનારી વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ભારતના 29 તીરંદાજો ઉપરાંત ચીન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઇન્ડોનેશિયા, ઇરાન, કઝાકિસ્તાન, મેક્સિકો, સ્લોવાકિયા, યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, ઉઝબેકિસ્તાન, બાંગલાદેશ, ભૂટાન, સાયપ્રસ, ચેકિયા, ઇરાક અને રશિયન ફેડરેશન સહિત કુલ 19 દેશોના તીરંદાજો ભાગ લઈ રહ્યા છે.

# CM JAMNASTHMI

ગાંધીનગર સ્થિત ડભોડાના શ્રી રણછોડરાય મંદિરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન્મોત્સવ મનાવ્યો હતો. મુખ્યમંત્રીએ રણછોડરાયજીના દર્શન કરી આરતી ઉતારી હતી. મંદિર પરિસરમાં ઉપસ્થિત હજારો ભક્તો સાથે મુખ્યમંત્રીએ  કૃષ્ણજન્મોત્સવ મનાવ્યો હતો. ડભોડા હનુમાનજી મંદિરમાં પણ મુખ્યમંત્રીએ દર્શન કરીને આરતી ઉતારી હતી.

# JANMASHTAMI CELEBRATIONS ACROSS GUJARAT -1

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ – જન્માષ્ટમી નિમિત્તે રાજયભરમાં ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી. દેવભૂમિ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ભગવાનના વિવિધ શણગાર સાથેના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જામનગરના સાંસદ પૂનમ માડમે ભગવનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

**(BYTE – POONAM MADAM)**

*(જન્માષ્ટમી એવમ કૃષ્ણ જન્મોત્સવ કે પાવન અવસર પે આપ સભી કો શુભકામનાએં દેતી હૂં એવમ દ્વારકાધીશ કે ચરણો મેં પ્રાર્થના કરતી હૂં કી ઉનકે આશીર્વાદ હમ સભી પે હમેશા બને રહે। હર બાર જબ હમ ઇસ અવસર કે સાક્ષી બનતે હૈં તબ એક અલગ હી નઈ ઊર્જા કા સંચાર હમ સભી મેં હોતા હૈ। દિવ્ય દર્શન કા ભી સભી કો લાભ પ્રાપ્ત હોતા હૈ।)*

ખેડા જિલ્લાનાં રણછોડરાયજી મંદિરે પણ જન્માષ્ટમીની ભવ્યતાથી ઉજવણી કરાઈ. જન્માષ્ટમી પર્વ નિમિત્તે વહેલી સવારે મંગળા આરતી શણગાર આરતી રાજભોગ આરતી સંધ્યા આરતી દરમિયાન ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જય રણછોડ માખણ ચોર અને જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલખીના નાદ સાથે આખુ વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું.

તો અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે મોડી રાત્રે કૃષ્ણ જન્મોત્સવ, ભવ્ય આતશબાજી કરવામાં આવી. મોડી રાત્રે બરોબર 12 વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી.

જન્માષ્ટમી પર્વે પ્રથમ જ્યોતિર્લીંગ શ્રી સોમનાથ મહાદેવના મંદિરે પણ અલૌકિક “કૃષ્ણ દર્શન શૃંગાર” કરવામાં આવ્યો હતો. જ્યોતિર્લિંગ પર શ્રીકૃષ્ણની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. અંદાજિત 2 કરોડના સુવર્ણ મુગટથી મહાદેવને અલંકૃત કરાયા હતા.

# JANMASHTAMI CELEBRATIONS ACROSS GUJARAT - 2

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં જન્માષ્ટમી નિમિત્તે શ્રી મનોહર નાથજી મહારાજના અખાડા પરિસરમાં આવેલ અખંડ ધૂણીના દર્શન કરી મોટી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. તો સંતરામપુર જેલમાં પણ જન્માષ્ટમીની ઉજવણી કરાઇ.

બનાસકાંઠા તેમજ વાવ થરાદ જિલ્લામાં જન્માષ્ટમી પર્વને લઈને મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. શક્તિપીઠ અંબાજી, પાલનપુર, ડીસા, થરાદ, દિયોદર સહિત ગામડાઓમાં પણ મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા કોળી સમાજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. ભક્તોએ એનિમેશનના માધ્યમથી કૃષ્ણલીલાના દર્શન કર્યાં હતા.

પંચમહાલ જિલ્લામાં ગોધરામાં પણ રણછોડજી મંદિર ખાતે રાત્રે 12 કલાકે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મટકી ફોડના ભવ્ય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# LOKMELO

જામનગરના શ્રાવણી મેળામાં જામનગર પોલીસ દ્વારા પ્રથમવાર ડ્રોનથી નજર રખાઇ રહી છે. મેળામાં વધતી ભીડને ધ્યાનમાં રાખીને જામનગર પોલીસ તંત્ર દ્વારા ભીડનું નિયંત્રણ, ખિસ્સાકાતરૂઓ પર નજર તેમજ કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવને પહોંચી વળવા માટે દિવસ દરમ્યાન ડ્રોન કેમેરાની મદદ લેવામાં આવી છે. ડ્રોન કેમેરા દ્વારા સમગ્ર પ્રદર્શન મેદાન અને મેળા વિસ્તારમાં સતત નજર રાખવામાં આવી હતી. રાત્રિના સમયે પણ પોલીસ દ્વારા નાઇટ વિઝન ક્ષમતાવાળા હાઈટેક કેમેરાથી સજ્જ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં પણ શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે પરંપરાગત અને ભાતીગળ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# NAVSARI CR PATIL

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત આગાઉ નવસારીમાં શરૂ કરાયેલી જનભાગીદારી પહેલો પર પ્રકાશ પાડ્યો, નવસારીમાં આયોજીત એક કાર્યક્રમમાં તેમણે સ્વચ્છતા અભિયાન, પોષણ સહાય, સુકન્યા સમૃદ્ધિ ખાતા, વરિષ્ઠ નાગરિકો અને અપંગ વ્યક્તિઓ માટે સહાય અને શેરી વિક્રેતાઓને આધુનિક સ્ટીલ ગાડીઓનું વિતરણ જેવા થયેલા કાર્યોની વિગતો આપી હતી.

## (BYTE: C.R. PATIL, UNION MINISTER OF JAL SHAKTI)

***(નવસારી જિલ્લાના 389 દરેક ગામોમાં માઇક્રો સફાઈનું કામ ચાલી રહ્યું છે. નવસારી જિલ્લાના 3600 જેટલા કુપોષિત બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટેના પ્રયત્નો કર્યા છે. સગર્ભા બહેનોને પણ ત્યાંથી એક વર્ષ સુધી એ બહેનને પોષ્ટિક આહાર અને ડોક્ટર તરફથી લખીને આપવામાં આવેલી કોઈપણ દવાનું પ્રિસ્કિપ્શન એ લઈને એને મફત સેન દવા મળી જાય એના માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.)***

# TEACHER'S DAY

આજે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે દેશભરની સાથેસાથે આજે શિક્ષકોને સંન્માનિત કરવાનો દિવસ છે. આજના દિવસે રાષ્ટ્રપતિએ શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# WEATHER

આગામી સાત દિવસ સુધી, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. વરસાદને અસર કરતી બે સિસ્ટમોમાં કાર્યરત હોવાને કારણે ગુજરાતમાં વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું. રાજ્યમાં આજે સવારે છ વાગે પૂરાં થતાં **24** કલાક દરમિયાન **23** તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ વરસ્યો હતો.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, METEOROLOGICAL DEPARTMENT)**

***(जो मानसून सीजन में रेनफॉल हुई है, उसकी बात करेंगे तो 514 मिलीमीटर गुजरात एज अ होल स्टेट रेनफॉल रिकॉर्ड हुआ है। और नॉर्मल के हिसाब से 615 मिलीमीटर होना चाहिए। तो अभी भी गुजरात स्टेट एज अ होल 16% डेफिशिएंट है नॉर्मल के हिसाब से 1 जून से लेकर आज 4 सितंबर तक।)***

# WOMEN'S-ASIA-CUP-CRICKET

મહિલા ક્રિકેટમાં, આજે એશિયા કપના T20 ગ્રુપ Aના છેલ્લા મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

ભારત થાઇલેન્ડ અને હોંગકોંગને હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવી ચૂક્યું છે. ભારત હવે પાકિસ્તાનને હરાવીને સતત ત્રીજી જીત નોંધાવવા માટે પ્રયત્ન કરશે. દરમિયાન, પાકિસ્તાને અત્યાર સુધી ફક્ત એક જ મેચ રમી છે, જેમાં તેણે થાઇલેન્ડને હરાવ્યું છે.

# GUJARAT SUPER LEAGUE

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગ - 3ની ગઇકાલે રમાયેલી મેચમાં સુરત સ્ટ્રાઇકર્સે ગાંધીનગર જાયન્ટસને 4-1થી મ્હાત આપી હતી.

જ્યારે કર્ણાવતી નાઇટ્સ અને વડોદરા વોરિયર્સ વચ્ચે રમાયેલી મેચમાં કર્ણાવતી નાઇટ્સનો 2-1થી વિજય થયો. આજે સાંજે  પ્રથમ મેચ સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સ અને અમદાવાદ એવેંન્જર્સ વચ્ચે. બીજી મેચ સુરત સ્ટ્રાઈકર્ષ અને કર્ણાવતી નાઇટ્સ વચ્ચે રમાશે.

# MANDVIYA GUJARAT

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ ગઇકાલે ભાવનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.  તેમણે જાળિયામાં પીએમશ્રી શાળાના વર્ગખંડો, કમ્પ્યુટર લેબ, તળાવ અને રમતગમતના સાધનોનું લોકાર્પણ કર્યું હતું ત્યારબાદ મોટી રાજસ્થળીમાં નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરી અને ઘન કચરાના નિકાલ માટે ટ્રેક્ટર ટ્રૉલી તેમજ વડીયા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ તથા વર્ગખંડનું ખાતમુહૂર્ત કર્યું. ગઇકાલે જન્માષ્ટમી નિમિત્તે શ્રી માંડવિયાએ પાલિતાણા ભવાની માતા મંદિરમાં શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. તેમણે પાલિતાણા તળેટીમાં વીર દાદુ બારોટના સ્મારકનું પણ અનાવરણ કર્યું હતું.